મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૩૧ ટકા ● સાંજે ૧૩ ટકા

**ગાંધીનગર તાપમાન**

# શહેરમાં ધાણી-ખજુરના ભાવમાં ધરખમ વધારો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના બજારોમાં વેપારીઓએ છેલ્લા દિવસોમાં ધાણી-ખજુરમાં ઉઘાડી લૂંટ ચલાવી છે. હોળી-ધુળેટીના તહેવારમાં ધાણી અને ખજુરનું વિશેષ મહત્વ રહેલું છે ત્યારે અઠવાડીયા પહેલા રૂ.૭૦ ના કિલોના ભાવે ધાણીનું વેચાણ થતુ હતું. પરંતુ શનિ-રવિની રજા હોવાથી ગ્રાહકોથી બજાર ઉભરાતા વેપારીઓએ નફો રળવા માટે ધાણીનો ભાવ કિલોના રૂ.૧૦૦ કરી દીધો હતો. વેપારીઓએ અચાનક તોંતિગ વધારો ઝીંકી દેતા ગ્રાહકોએ ના છુટકે ખરીદી કરવી પડી હતી. વેપારીઓની આવી હરકતથી નાગરીકોમાં રોષ જોવા મળ્યો છે.

ગાંધીનગર શહેર કર્મચારી નગરી હોવાથી ત્રણ રજાઓનો સંયોગ સર્જાતા અધિકારી-કર્મચારીઓમાં આનંદ છવાયો છે. કેટલાક કર્મચારીઓ વતનની વાટ પકડી છે. ત્યારે બજારમાં હોળી પર્વ નિમિતે ધાણી-ખજુર અને પીચકારી તેમજ કલર સહિતની ખરીદી માટે બજારો ગ્રાહકોથી ઉભરાયા છે.

નગરના સેકટર-૭,૨૧,૨૨, અને ૨૪માં ગ્રાહકોની ભારે ભીડ જામી છે. બજારમાં અઠવાડીયા પહેલા રૂ.૭૦ કિલોના ભાવે વેચાણ થતી ધાણીનો ભાવ વેપારીઓએ અચાનક રૂ.૧૦૦ કરી દીધો હતો. જયારે ખજુર પણ રૂ.૮૦ થી લઈને રૂ.૧૦૦ થી લઈને ૧૨૦ના ભાવે વેચાણ થઈ હતી. જયારે પીચકારી તેમજ કલરમાં પણ વેપારીઓ દ્વારા તોંતિગ ભાવ વધારો ઝીંકી દેવાતા નાગરીકોમાં રોષ જોવા મળ્યો હતો. છતા તહેવાર હોવાથી ના છુટકે ખરીદી કરીને બજારોમાંથી ગ્રાહકોએ ચાલતી પકડી હતી. જયારે બજારમાં છેલ્લા બે દિવસ ભારે ભીડ જોવા મળી હતી. રજાનો માહોલ હોવાથી સવારથી સાંજ સુધી શહેરના બજારોમાં ગ્રાહકોની ભારે ભીડ રહેતી હતી. વેપારીઓએ ધાણી અને ખજુરમાં ઉઘાડી લુંટ ચલાવતા તહેવારોમાં દરેક ચીજવસ્તુનો ભાવ નક્કી કરવામાં આવે તેમ નાગરીકો ઈચ્છી રહ્યા છે.જયારે કેટલાક ગ્રાહકોએ તો અઠવાડીયા પહેલા અને આજના ભાવમાં તફાવત આવતા વેપારીઓ જોડે રકઝક કરતા પણ જોવા મળ્યા હતા.

## આઈ લવ માય ગાંધીનગર

**ડો. રણછોડ રથવી**
કોલેજ પ્રાધ્યાપક

**ગાંધીનગર ગમે**

અનેક વિશેષતાઓને કારણે ગાંધીનગર ગમે છે. જેમકે હરિયાળી, શાંતિ, રમણીયતા, પહોળા રસ્તા, રાજકીય ગતિવિધિઓ, શૈક્ષણિક સંસ્થાઓનો સમૂહ, વિશ્વ કક્ષાનું મહાત્મા મંદિર, સ્વર્ણિમ પાર્ક અને અનેક પ્રવૃત્તિઓનો ધબકાર.

**નગરજનો**

સમગ્ર ગુજરાત અને દેશમાંથી અહીં આવીને વસેલા નગરજનો શાંત, મદદરૂપ થવાની ભાવનાવાળા લોકો છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સેવા અને સાંસ્કૃતિક સંસ્થાઓની પ્રવૃત્તિઓ ગમે છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય, કલ્ચરલ ફોરમ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા, ટ્રાફિક અવેરનેસ અને દરેક જરૂરિયાતમંદને સહાય કરવા માટે નગરજનોનો ઉત્સાહ અને કાર્ય કાયમ રહેવાં જોઈએ. નગરની દરેક સરકારી ઈમારતો અને સર્કલને સ્વચ્છ રાખવા માટે નગરજનોએ ફાળો આપવો જોઈએ.

**નગર માટે હું કરી શકું**

જરૂરિયાતમંદોને સહાય, ટ્રાફિક અવેરનેસ, વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારીની ભાવના વધારવા અને નગરની હરિયાળી કાયમ રાખવા, વધારવા માટે હું પ્રયત્નશીલ છું, રહીશ.

## @ગાંધીનગર

● જલારામ ધામ સે-૨૯ ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન ધુળેટી પર્વની ઉજવણી કરાશે.

● નારાયણી હાઈટસ ખાતે ટોમેટિનો ફેસ્ટિવલ વીથ ડીજે રેઈન ડાન્સ સવારે ૯ કલાકે યોજાશે.

● ઈન્ફોસીટી રિસોર્ટ ખાતે ટોમેટિનો વીથ ડીજે રેઈન ડાન્સ સવારે ૯ કલાકે યોજાશે.

## કાનપુર ગામમાં એલઈડી લાઈટના ઓજસ પથરાયા

ચિલોડા, તા.૧૨

ગાંધીનગર તાલુકાના કાનપુર ગામમાં ૭૦ સ્ટ્રીટ લાઈટ લાગેલી હતી. લાઈટના અજવાળા શેરીઓમાં આવતા ન હતા. પરિણામે વધુ બીહ અને ઓછું અજવાળુ આવતું હતું ત્યારે તાજેતરમાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ તરીકે ચૂંટાયેલા બળદેવભાઈ ચૌધરી દ્વારા ગામમાં સ્ટ્રીટ લાઈટ નાખવાનું બીડું ઝડપી તુરંત નિર્ણય લઈ પંચાયતની મિટીંગમાં ચર્ચા વિચારણા બાદ ઠરાવ કરી ગામમાં એલઈડી સ્ટ્રીટ લાઈટની સુવિધા કરતા સમગ્ર ગામમાં એલઈડી લાઈટના અજવાળા પથરાયા છે. આ સુવિધા સરપંચેસ્વ ખર્ચેકરી ઉમદા કાર્યની જયોત પ્રગટાવી છે. આ ખર્ચ સરકાર દ્વારા મંજુર થાય ત્યાંસુધી ગામમાં અંધારું ન રહે તથા ગ્રામવાસીઓને અજવાળાનો તુરંત જ લાભ મળે તેવા ઉમદા કાર્યથી ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## સાદરા ખાતે 'જેકપોટમાં લાગ્યો જમાઈ' નાટક ભજવાયું

ગાંધીનગર, તા.૧૨

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય અને શારીરિક શિક્ષણ અને રમત ગમત વિજ્ઞાન વિદ્યાશાખા સાદરા ખાતે તા. ૯-૩-૨૦૧૭ના રોજ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગુજરાત સરકારના સહયોગથી વિપુલ વિઠલાણી લિખિત, મિહિર ઉપાધ્યાય દિગ્દર્શીત 'જેકપોટમાં લાગ્યો જમાઈ' નાટક ભજવવામાં આવ્યું હતું. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં મ.દે.ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરાના સંયોજકશ્રી ડૉ. કનૈયાલાલ નાયક અને શારીરિક શિક્ષણ અને રમત ગમત વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન ડૉ. જમનાદાસ સાવલીયાએ ઉપસ્થિત રહી કલાકારોને શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય અને શારીરિક શિક્ષણ અને રમત ગમત વિજ્ઞાન વિદ્યાશાખાના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો સેવક પરિવારજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મ.દે. ગ્રામસેવા મહાવિદ્યાલયના પ્રા. મોતી દેવુએ કર્યું હતું.

## નર્સિંગ કોલેજ ખાતે એચઆઈવી એઈડસ અંગે પ્રદર્શન યોજાયું

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સે-૧૨ સ્થિત સી.એમ.પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે એચઆઈવી-એઈડસ રોગ અંગે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ ઓડિયો-વિઝયુઅલ પ્રદર્શનનું કોલેજના આચાર્યા રવિના ક્રિશ્ચિયન તથા કેમ્પસ ડાયરેકટર આર.જે. વ્યાસના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. કોલેજમાં કોમ્યુનિકેશન એન્ડ ટેકનોલોજી વિષયનો અભ્યાસ કરતા સેકન્ડ યર પોસ્ટ બેઝિકના વિદ્યાર્થીઓએ આ પ્રદર્શન તૈયાર કરવા માટે પ્રા. કૃતિ કોન્ટ્રાકટર તથા ફેકલ્ટી જેની જહોનનું માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. આ પ્રદર્શનને આચાર્યા સહિત તમામ કર્મચારીગણ તથા કોલેજના તમામ વિદ્યાર્થીઓએ નિહાળ્યું હતું.

## વાતવાતમાં

● શહેરમાં હોળીના તહેવારને સ્પેનિશ ઉત્સાવ ટોમેટીનોનો રંગ લાગ્યો છે. આ વર્ષે ગાંધીનગર આસપાસ ત્રણ સ્થળોએ 'ટોમેટિનો વીથ ડીજે રેઈન ડાન્સ' ઉત્સવનું આયોજન થવા પામ્યું છે જેમાં યુવા ખેલૈયાઓ ટામેટાથી ધુળેટી રમશે.

● હોળી દહન માટે સૂકાં લાકડાં લેવા માટે સવારથી જ સે-૧૭ ખાતેની વન વિભાગની નર્સરીમાં નગરવાસીઓના ટોળા ઉમટી પડયા હતા. જો કે છેલ્લા બે વર્ષથી વન વિભાગે લાકડાં આપવાનું બંધ કર્યું હોવાથી નર્સરીની ઓફિસ ખોલવામાં ન નહોતી આવી જેના પગલે નાગરિકો રોષે ભરાયા હતા.

● હોળીના પર્વના સમાપન સાથે જ ધો-૧૦ અને ધો-૧૨ની પરીક્ષાઓ ચાલુ થઈ રહી છે. રજાઓના પગલે બોર્ડની પરીક્ષાઓના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવનારા શુભચિંતકોનો ધસારો વધુ રહેતો જોવા મળી રહ્યો છે.

● ગુજરાત જાહેર સવા આયોગ દ્વારા શિક્ષણ સેવા વર્ગ-૨ માટે ૨૬૯ અધિકારીઓની નિમણુંકના ઓર્ડર જારી કરાયા છે. આ અધિકારીઓને હાલ બે વર્ષના પ્રોબેશન હેઠળ નિમણૂંક આપવામાં આવી છે.

## પારૂલ એસ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા ડાકોર ભકિત માર્ગે જલસેવા કેન્દ્ર

ફાગણી પૂનમ નિમિત્તે હોળી ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવે છે અને ડાકોરના ઠાકોરના દર્શનાર્થે રાજયભરમાંથી લાખો પદ યાત્રાળુઓ ડાકોરના મેળામાં આવે છે. ડાકોર ભકિત માર્ગે વિવિધ સંસ્થાઓ તેમજ વ્યકિત સેવાભાવી ગ્રામજનો દ્વારા ભંડારાઓ અને સેવા કેન્દ્રોનું આયોજન કરવામાં આવે છે. છેલ્લા ૧૭ વર્ષથી આકાશ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા 'કદમ છાયા સેવા સંકુલ'માં સેવા કેન્દ્રનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે સરકારના પ્લાસ્ટિક પ્રતિબંધને ધ્યાનમાં રાખી પાણીના પાઉચનું વિતરણ ના કરતા પારૂલ એસ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા મીનરલ પાણીની બોટલોનું વિતરણ મોટી સંખ્યામાં કરવામાં આવ્યું છે.

આ સેવા યજ્ઞમાં પારૂલ ફાઉન્ડેશન ગાંધીનગરના હોદેદારો આકાશ સમાજ સેવા ટ્રસ્ટના હોદેદારો સરદારપુરા ગામના યુવક મિત્રો રૂપપુરા ગામના હસમુખ ભોજાણી, ફિલ્મ કલાકાર ચરાગ મહેરીયા વગેરે ઉપસ્થિત રહી સેવામાં સહભાગી બન્યા હતા.

## ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળની બેઠક સે-૭-ડી ખાતે તાજેતરમાં મળી હતી. આ બેઠકમાં સુમંતભાઈ શાહે રવિશંકર મહારાજના યાદગાર જીવંત પ્રસંગે 'એટલી અરજ છે' તે પરમતત્વમાંથી વાંચી સંભળાવ્યો હતો. ત્યારબાદ હંસાબેન જે. દવેના નિધન બદલ બે મિનિટ મૌન પાળી તેમને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી અને સાંપ્રત પ્રશ્નો અને સામસ્યાઓ અંગે થયેલી કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવી હતી. સાથે સાતમાપગાર પંચ મુજબ પેન્શન તફાવતની રકમ, મોંઘવારી રાહત, તબીબી રાહત કેન્દ્રીય ધોરણે આપવા , અપરણિત પુત્રીને પેન્શન આપવાની માંગ કરવામાં આવી હતી.

ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળની બેઠક મળી હતી જેમાં કેન્દ્ર સરકાર દ્વારા નીમેલ કમિટીના અહેવાલના મુજબ કેન્દ્ર સરકાર જે ઠરાવ કરી પે મેટ્રીકસ મુજબ પેન્શન નક્કી કરે તે પ્રમાણેના ગુણાંકથી નક્કી કરેલ પેન્શન આપવા આદેશ થયા બાદ રાજય સરકારે તે મુજબ આદેશ કરવાના થશે તે અંગેની માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત અપરણિતી પુત્રીને પેન્શન આપવાની કેન્દ્ર સરકારની નીતિ અને આદેશ મુજબ રાજય સરકાર પણ તે મુજબ આદેશ કરે તે તે જરૂરી છે તે વાત પર ભાર મુકવામાં આવ્યો હતો. વધુમાં સોલર લાઈટ મેઈન્ટેનન્સ, શેરી રસ્તા અને કોમન પ્લોટની સ્વચ્છતા, સેકટરના રસ્તાઓનું રીસર્ફેસીંગ, વૃક્ષોનું ટ્રિમીંગ વગેરે બાબતો અંગે સત્વરે કામગીરી શરૂ થાય તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી હતી.

## સિસિકા દ્વારા ૧૯મીએ સર્વરોગ નિદાન-સારવાર કેમ્પ

ગાંધીનગર, તા.૧૨

સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગર અને અર્બન હેલ્થ સેન્ટર સેકટર-૨ના સંયુકત ઉપક્રમે તા. ૧૯મી માર્ચના રોજ સવારે નવ થી બાર સુધી સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ સેકટર-૨માં આવેલ અર્બન હલ્થ સેન્ટરમાં યોજાશે. જેમાં પાટનગરના નામાંકિત તબીબો સેવા આપશે તો ગાંધીનગર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના રહીશોને લાભ લેવા આરોગ્ય સમિતિના કન્વીનર રસીકભાઈ ગાંધીએ જણાવેલ છે.

## ઈસનપુર મોટા ગામે મંડપ બાંધવા જતા મજુરને કરંટ લાગતા મોત

ચિલોડા, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે ચેહર માતાના મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રતિષ્ઠા કાર્યક્રમ અંતર્ગત મંડપ ડેકોરેશનના કારીગરો મંડપ બાંધવાનું કામ કરી રહ્યા હતા તે દરમિયાન અંદાજે ૨૨ વર્ષીય કારીગર રાકેશ ચંદુજી ઝાલા (રહે. સાણોદા) જીવંત વીજ વાયરને અડી જતા કરંટ લાગતા નીચે પટકાયો હતો. યુવાન નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવાર મળે તે પહેલા યવાનનું માર્ગમાં મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જો હું તુટી જઈશ તો, આખુ પરિવાર તુટી જશે

**ગમખ્વાર અકસ્માત પછી જીંદગીભર પથારીમાંથી ઉઠી નહી શકે તેવું નિદાન કરનાર તબીબોને આત્મબળના જોરે ખોટા પાડનાર ગાંધીનગરની મહિલાની સિધ્ધિઓ પાછળની દર્દનાક દાસ્તાન : વિશ્વ મહિલા દિને જિજ્ઞાબેન ત્રિવેદીને સો સો સલામ**

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત યુનિવર્સિટીની સી.કે. પીઠાવાલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટના એમબીએના પ્રથમ વર્ષની વાર્ષિક પરીક્ષા ચાલી રહી હતી. આ પરીક્ષામાં એક સ્પેશિયલ પરીક્ષા ખંડમાં એક પથારીવશ વિદ્યાર્થીની તેની બાજુમાં બેઠેલ 'રાઈટર'ને પ્રશ્નપત્રના જવાબો બોલીને લખાવી રહી હતી. આ વિદ્યાર્થીનીને માત્ર વીસેક દિવસ પહેલા નડેલ ભયાનક અકસ્માતના પગલે તેની કરોડરજ્જુ તુટી ગઈ હતી જેના કારણે તબીબોએ તેને દોઢ માસ સુધી સંપૂર્ણ બેડરેસ્ટની સુચના આપી હતી અને સાથે આ વર્ષે પરીક્ષા નહી આપવા તાકીદ કરી હતી. આમ છતાં પરીક્ષા આપવાની વિદ્યાર્થીનીની જીદ સામે યુનિવર્સિટીએ પણ રાઈટરની વ્યવસ્થા માટે મંજૂરી આપવી પડી હતી. આ પરીક્ષાના પરીણામમાં વિદ્યાર્થીનીએ ડિસ્ટીકન્શન ગુણ પ્રાપ્ત કર્યા હતા.

આ વિદ્યાર્થીની એટલે ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલ નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટના હાલના ઈન્ચાર્જ ડાયરેકટર જિજ્ઞાબેન ત્રિવેદી. આ એજ જિજ્ઞાબેન છે જેમને નડેલા ગમખ્વાર અકસ્માતને પગલે તબીબોએ 'આ છોકરી હવે આખી જીંદગી પથારીમાં જ રહેશે અથવા તો વ્હીલચેરના સહારે જ તેણે જીંદગી જીવવી પડશે.' એ જ જિજ્ઞાબેનને ગત વર્ષે હાયર એજયુકેશન ફોરમ દ્વારા 'ઈનોવેશન ઈન એજયુકેશન એવોર્ડ-૨૦૧૬'થી નવાજવામાં આવ્યા ત્યારે તેમના પ્રેરણામૂર્તિ એવા તેમના પિતા જ નહી પરંતુ જિજ્ઞાબેનને નજીકથી જાણનારા તમામની આંખના ખૂણે ઝળહળિયા આવી ગયા હતા. જિજ્ઞાબેને તેમના અનન્ય આત્મવિશ્વાસ અને અખૂટ શ્રધ્ધાબળના પ્રતાપે પોતાના જીવનમાં સર્જાયેલી અત્યંત કરૂણ લાચારી ભરી પરિસ્થિતિમાંથી એક સન્માનભર્યા સ્થાને પહોંચી એવું પ્રેરક ઉદાહરણ પુરું પાડયું છે કે જાણે એમ લાગે કે 'વિશ્વ મહિલા દિવસ'ની ઉજવણી તેમના જેવી મહિલાઓ જ સાર્થક બનાવી રહી છે.

મૂળ ઉત્તર ગુજરાતના હારિજ તાલુકાના નાનકડા ગામ મુજપુરનિવાસી ચંદ્રકાન્ત ત્રિવેદીએ વર્ષ ૧૯૮૬-૮૭માં મુંબઈ ખાતેની ખાનગી કંપનીની નોકરી છોડી પોતાનો જ વ્યવસાય કરવાના ઈરાદે ગાંધીનગર તાલુકાના માણસા ખાતે એમોનિયમ નાઈટ્રેટનું ઉત્પાદન કરવાની ફેકટરી નાંખવાનું કાર્ય હાથ ધર્યું આ કામમાં તેમણે પોતાના નજીકના સગા સંબંધીને પણ જોડયા હતા. વાવોલ ખાતે નિવાસ કરતા ચંદ્રકાન્ત ત્રિવેદીની આ ફેકટરી ૧૯૮૮માં કાર્યરત થઈ ત્યારે આ પ્રકારની ભારતમાં માત્ર ચાર જ કંપનીઓ હતી જેના કારણે જોત જોતામાં તેમનો વ્યવસાય સફળતાના શિખરો સર કરવા લાગ્યો અને પરિવાર પણ ઐશ્વર્યમાં આળોટવા લાગ્યું હતું. એક દિકરી અને એક દિકરાનો સુખી પરીવાર અને તેમાં પણ દિકરી ભણવામાં અત્યંત તેજસ્વી એટલે જાણે સોનામાં સુગંધ ભળી. પરંતુ કિસ્મત જેનું નામ, કૌટુંબિક સભ્યોએ જ વ્યવસાય હસ્તગત કરવા સર્જેલી ખટપટોના કારણે એવી પરિસ્થિતિ સર્જાઈ કે ફેકટરી સુધ્ધાં લિલામ થઈ ગયા અને પરિવાર આર્થિક મુશ્કેલીનો ભોગ બન્યું જેના કારણે તેમના પત્નિ

ભારતીબેનને ઘરે ઘરે ફરી પાપડ-અથાણાં વેચીને કુટુંબના ગુજરાન માટે શ્રમ હાથ ધરવો પડયો. દિકરી જીજ્ઞાને અભ્યાસ માટે પુસ્તકો ખરીદવાના ફાંફાં થઈ પડયાં પરંતુ સમજુ દિકરીએ પોતાના મિત્રો પાસેથી પુસ્તકો માંગીને અભ્યાસ ચલાવ્યો હતો. સાળંગપુરના હનુમાનજીમાં અખૂટ શ્રધ્ધા ધરાવતા આ પરિવાર પર મોટી આફત તો ત્યારે આવી જયારે મેનેજમેન્ટના પાંચ વર્ષના સંકલિત અભ્યાસક્રમના ચોથા વર્ષે એટલે કે એમબીએની ડિગ્રીના પ્રથમ વર્ષની વાર્ષિક પરીક્ષા અગાઉ વર્ષ ૨૦૦૩માં દિકરીને ભયંકર અકસ્માત નડયો. ડ્રાઈવીંગ શિખ્યા વગરના એક કારચાલકે મિત્રની કાર પર અખતરો કરતા સ્કૂટર પર જઈ રહેલ જિજ્ઞાબેનને એવી ટકકર મારી કે તેમની કરોડરજ્જુના એલ-ફાઈવ તથા એસ-વન નંબરના મણકા જ તોડી નાંખ્યા. ઓપરેશન બાદ શરીરને સ્હેજ પણ હલાવવું નહી તેવી તબીબોની સૂચના છતાં જિજ્ઞાબેને પરીક્ષા આપવાનો નિશ્ચય કર્યો અને અપડાઉન ના થઈ શકે તે માટે યુનિ. કેમ્પસમાં જ તેમના વસવાટની વ્યવસ્થા કરાઈ હતી. પછી તે એમબીએ પણ ડિસ્ટીકશન સાથે પુરું કરનાર જિજ્ઞાબેન માતાની અમૂલ્ય માવજત અને હનુમાનદાદા પરની શ્રધ્ધાના સહારે ચાલતા પણ થયા એટલું જ નહી પરંતુ આજે સ્કૂટર અને કાર પણ ડ્રાઈવ કરી શકે છે. એમબીએ થયા પછી નેશનલ સ્ટોક એકસચેન્જની પરીક્ષા પાસ કરી ખાનગી કંપનીમાં નોકરીએ લાગ્યા ત્યારે જ રાહતનો દમ લીધો કારણ કે જયાં શરીરનું બેલેન્સ જ થઈ શકે નહોતું તેવી પરિસ્થિતિમાં પરીક્ષા આપવાના નિર્ણય પાછળ ઝડપથી પગભર થઈ પરિવારને આર્થિક મુશ્કેલીમાંથી બહાર કાઢવાની એકમાત્ર નેમ જવાબદાર હતી.

મુશ્કેલી આવે ત્યારે રડવા ના બેસાય, તેનો રસ્તો શોધવો પડે તેવું દૃઢ પણે માનતા જિજ્ઞાબેન કહે છે 'જો તે વખતે હું તુટી ગઈ હોત તો આખું પરિવાર તુટી જાત.' પિતાએ શિખવેલા કર્મમાં વિશ્વાસ કરવાના સંસ્કારને જીવન મંત્ર બનવી જિજ્ઞાબેને પછી તો સુરતની કોલેજમાં અધ્યાપક તરીકે નોકરી મેળવી અને ત્યારબાદ ગાંધીનગર ખાતેની એનઆઈસીએમ સંસ્થામાં વર્ષ ૨૦૦૬માં લેકચરર તરીકે જોડાયા. અહીં તેમણે આસીસ્ટન્ટ પ્રોફેસર પછી એસોસિએટ પ્રોફેસર એમ એક પછી એક શિખરો જોત જોતામાં સર કર્યા અને હાલ તેઓ સંસ્થાના ઈન્ચાર્જ ડાયરેકટરનું પદ શોભાવી રહ્યા છે. આ દરમિયાન તેમના પ૦થી વધુ સંશોધન પત્રો પ્રકાશિત થયા અને અઢળક વિદ્યાર્થીઓના પ્રોજેકટને ગાઈડ કરવા ઉપરાંત નવા ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપતું એક પુસ્તક પણ લખ્યું છે. 'હું જીંદગીમાં કયારેય રડી નથી' તેવું તેમના સૌમ્ય છતાં દૃઢ અવાજે કહેતી ગાંધીનગરની આ પ્રેરણાદાયી મહિલા કમરમાં પ્લેટસના સહારે પણ આજે પણ સતત કાર્યરત રહી મેનેજમેન્ટ તથા એકેડેમિક એજયુકેશન ક્ષેત્રે દિવાદાંડી સમાન ભૂમિકા ભજવી રહ્યા છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## વ્યાજખોરોના ત્રાસથી વાવોલનો યુવાન ઘર છોડીને ભાગી ગયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામના આકાર એપાર્ટમેન્ટમાં મકાન નં. ૨૦૧ ખાતે રહેતો ૨૫ વર્ષીય યુવાન જસ્મીન રમણલાલ પટેલ ૯મી માર્ચે

પોતાના ઘરેથી કોઈને કાંઈ કહ્યા વિના નીકળી ગયો હતો. ત્રણ દિવસ બાદ પણ તેના કોઈ સગડ મળ્યા નથી. લાપતા થનાર યુવાનના માતાના જણાવ્યા મુજબ વ્યાજખોરો તેને હેરાન કરી રહ્યા હતા. વ્યાજખોરોના ત્રાસથી ઘર છોડીને જતા રહેલા યુવાનના હાથે છુંદણાથી અંગ્રેજીમાં જસ્મીન લખેલું છે. ગુમ થયા અંગેની જાણવા જોગ નોંધાવતા સે-૭ પોલીસે તેની શોધખોળ માટે ચકો ગતિમાન કર્યા છે.

## ચિરવિદાય

● સ્વ. પશીબેન નારાયણભાઈ મકવાણા, ઉ.વ. ૭૨

● સ્વ. સુરેશકુમાર ભલાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૩૧